# અનુપમ મિશનનાં દેશ-પરદેશનાં વિવિધ કેન્દ્રોમાં પ્રકાશપર્વો

## ઉપાસનાધામ, સુરત

૨૭ ઑક્ટોબરના રોજ શ્રી ઠાકોરજી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં અનુપમ મિશનના સુરત મંદિરે દિવાળીના મંગલકારી દિવસે શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી શારદા પૂજનના કાર્યક્રમનું આયોજન થયું. કાનજીબાપાનાં માર્ગદર્શન હેઠળ સવારથી સૌ બાળકો-યુવાન-યુવતી તેમજ ભાઈઓ-બહેનો પૂજનવિધિની તૈયારીમાં લાગી ગયાં. વરસાદી વાતાવરણ હોવા છતાં સૌ સત્સંગી ભાઈઓ અને બહેનો સમયસર દિવાળીના કાર્યક્રમમાં હાજર રહ્યાં. રાજુભાઈ અને રોહિતભાઈએ આચાર્યપદે બિરાજમાન થયા અને સુંદર શાસ્ત્રોક્ત રીતે શ્રી લક્ષ્મીપૂજન - શ્રી શારદાપૂજનની વિધિ કરાવી. ઘણા ભક્તોએ યજમાન સ્વરૂપે બિરાજી આ વિધિમાં ભાગ લીધો. અંતમાં કાનજીબાપાએ સૌ ભક્તો ઉપર પુષ્પવર્ષા કરીને આશીર્વાદ વરસાવ્યા.



સુરત મંદિરે શ્રી લક્ષ્મીપૂજન - શ્રી શારદાપૂજન વિધિમાં રત યજમાનો

૨૮ ઑક્ટોબર, વિક્રમ સવંત ૨૦૭૬ના નવા વર્ષ નિમિતે શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવા અને અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરવા સૌ ભક્તો સુરત મંદિરમાં ભેગા થયા. ગુરુવર્ય સાહેબદાદાની આજ્ઞા મુજબ નૂતન મંદિર માટે સૌ ભક્તોએ ભેગા થઈને અડધો કલાકની ધૂન કરી. અન્નકૂટ ઉત્સવના ભાગ રૂપે ભક્તોએ ઠાકોરજી મહારાજ અને સાહેબદાદા સમક્ષ બિરાજમાન થઈ થાળ ધરાવ્યા અને આરતી અર્પણ કરી. અંતમાં સૌને કાનજીબાપાએ આશીર્વાદ આપ્યા ને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. ◆

## ઉપાસનાધામ, વેમાર

ભક્તિવંતા વેમાર મંડળના મુક્તોએ ૨૫ ઑક્ટોબરના રોજ પૂ. ગોપાલબાપા, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. મણિભાઈ આદિ સંતોની દિવ્ય સંનિધિમાં શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન વિધિનું આયોજન કર્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં અક્ષરમુક્તો પધાર્યા. પૂ. ઉત્પલભાઈ અને કલ્પેશભાઈએ સુંદર પૂજાવિધિ કરાવી.

લાભપાંચમના પાવન દિવસે-૧ નવેમ્બરના રોજ શ્રી ઠાકોરજીને સેંકડો વ્યંજનો રૂપે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરાયો. ભક્તોના ભાવ સ્વીકારી સંતભગવંત સાહેબજી પૂ. અશ્વિનદાદા અને સંતો પધાર્યા. તેઓના સ્વાગત અર્થે યુવતીમંડળ દ્વારા કરાયેલી કલાત્મક રંગોળીએ સૌનાં ધ્યાન આકર્ષિત કર્યાં. શ્રી ઠાકોરજીને થાળગાન દ્વારા પ્રસાદભાવ જમાડી સૌ ધન્ય થયાં. સાહેબજી અને અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી નૂતન મંદિરનિર્માણ તથા મહોત્સવ સેવાયજ્ઞમાં જોડાવા હાકલ કરી. ◆



શ્રી ઠાકોરજી મહારાજને સુરત મંડળના મુક્તો દ્વારા અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



સંતોના સાંનિધ્યે ઉપાસનાધામ, વેમાર ખાતે શ્રી લક્ષ્મીપૂજન - શ્રી શારદાપૂજન

## ઉપાસનાધામ, અમદાવાદ



સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે વેમારમાં અન્નકૂટ ઉત્સવ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ઉપાસનાધામ અમદાવાદ ખાતે ૨મા એકાદશી, ૨૪ ઑક્ટોબરના રોજ પૂ. ગૌતમભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈના સાંનિધ્યમાં શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી શારદા પૂજનનું આયોજન કરવામાં આવ્યું. પૂ. ઉત્પલભાઈ અને સૂરવૃંદના ભક્તોએ શાસ્ત્રોક્ત પૂજનવિધિ કરાવી. યજમાનોએ મોટી સંખ્યામાં બિરાજી પૂજનવિધિનો લાભ લીધો. પૂ. શાંતિદાદા દ્વારા લિખિત સંકલ્પનાં પઠન થયાં. આ પ્રસંગે પૂ. સતીશભાઈ અને પૂ. ગૌતમભાઈએ આશીર્વાદ પાઠવી સૌનાં હૈયાંમાં બ્રહ્મપ્રકાશ સદાયને માટે પ્રકાશિત થઈ રહે તેવી પ્રાર્થનાઓ કરી.

૩ નવેમ્બરના રોજ શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા સંતો સાથે પધાર્યા અને સૌને દર્શન-આશીર્વાદનાં સુખ દીધાં. સૂરવૃંદે ભાવભર્યા થાળનાં ગાન કરી ભક્તિ અદા કરી. પૂ. સતીશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌની ભક્તિને બિરદાવી. 'શક્તિઓને ભક્તિમાં પરિવર્તિત કરી જીવનમાં હકારાત્મક પરિવર્તન માણવાનો આપણો સત્સંગ છે.' એવા પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પાઠવ્યા. નવા વર્ષની શુભકામનાઓ અર્પતાં સંતભગવંત સાહેબજીએ સૌનાં જીવન ભક્તિ, શક્તિ અને સમૃદ્ધિથી છલકાઈ રહે તેવી શુભાશિષ પાઠવી. અન્નકૂટ આરતી અર્પણ કર્યા બાદ શ્રી ઠાકોરજીના પ્રસાદનો આસ્વાદ માણ્યો. ◆

## માણાવદર

અતિ દિવ્ય પ્રાસાદિક તીર્થભૂમિ માણાવદરમાં ૨૫ થી ૨૮ ઑક્ટોબર દરમિયાન દીપાવલીના ઉત્સવો ભક્તિભાવે ઉજવાયા. ધનતેરશના શુભ દિવસે શ્રી લક્ષ્મી પૂજન વિધિ સંપન્ન થઈ. પૂ. દિનેશભાઈએ આ પ્રસંગે અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કર્યા. મોટી સંખ્યામાં યજમાનો તથા ભક્તોએ આ વિધિનો લાભ લીધો.

દિવાળીના દિવસે સંતોના સાંનિધ્યે શ્રી શારદાપૂજન વિધિનો લાભ પામી સૌ ધન્ય થયાં. શાસ્ત્રોક્ત વિધિ સાથે શ્રી વહીઓનાં પૂજન કરી હિસાબના ચોપડામાં પુણ્યનું જમાપાસું વધતું રહે તે માટે ગુરુવચને સેવા કરવાના સૌએ સંકલ્પ કર્યા, શ્રી ઠાકોરજીના શ્રીચરણે પ્રાર્થનાઓ ધરી. રાત્રે માણાવદર મંડળની યુવતીઓએ સુંદર મજાની રંગોળી તૈયાર કરી હતી તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ખૂબ અદ્‌ભુત રંગોળી નિહાળી સૌ ભક્તો અત્યંત રાજી થયા.

નૂતનવર્ષ આરંભે સત્સંગી અક્ષરમુક્તો સહિત ગામના અને આસપાસનાં મંડળોના સેંકડો મુમુક્ષુઓ શ્રી ઠાકોરજીનાં દર્શનાર્થે પધાર્યા. ભક્તોએ પ્રભુને ભાવથી સેંકડો વાનગીઓનો અન્નકૂટ ધરાવ્યો અને આરતી અર્પણ કરી. સંતોએ આશીર્વાદની હેલી વરસાવી. સમગ્ર ઉત્સવ સંતોનાં માર્ગદર્શને યુવાનોની અથાક્ સેવાને પરિણામે દીપી ઊઠ્યો. ગુરુને પ્રસન્ન કરવાના ભાવે થયેલ સેવાથી સૌનાં હૈયે સહજ આનંદ, સંતોષ પ્રાપ્ત થયા. ◆





ઉપાસનાધામ, અમદાવાદ ખાતે સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા અને સંતોના સાંનિધ્યે પ્રકાશપર્વોની ભક્તિભાવે ઉજવણી





પ્રાસાદિક તીર્થ માણાવદરમાં અક્ષરદેરીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ શ્રી લક્ષ્મીપૂજન, શ્રી શારદાપૂજન અને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

## અંકલેશ્વર

૨૫ ઑક્ટોબરના રોજ અંકલેશ્વર મંડળના ભક્તોએ શ્રી હરિમંદિરના પ્રાંગણમાં શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજનની શાસ્ત્રોક્તવિધિ વડીલોના સાંનિધ્યે સંપન્ન કરી. સ્થાનિક સેંકડો હરિભક્તોએ તેનો આનંદ માણ્યો. યુવકમંડળની હાંહાંગડથલભરી ભક્તિને સૌએ બિરદાવી. ૨ નવેમ્બરના રોજ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. મણિભાઈ, પૂ. પંકજભાઈ આદિ સંતોની ઉપસ્થિતિમાં દિવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. સુંદર મજાની લાઈટિંગ, કલાત્મક રંગોળી, રંગબેરંગી મંડપની શોભા અને નવીન ઢબના અન્નકૂટની સજાવટ સાથે ભક્તોનાં હૈયાંથી વહેલી ભક્તિભાવના અકલ્પનીય હતી. પૂ. અશ્વિનદાદાએ પ્રસન્ન થઈ સ્થાનિક સક્રિય ભક્ત મંડળની સેવાને બિરદાવી આશિષ પ્રદાન કર્યા. ◆

## સાઠંબા, ઉત્તર ગુજરાત

૩ નવેમ્બરના રોજ સાઠંબા સ્થિત શ્રી હરિમંદિર ખાતે પૂ. ગોવિંદભાઈ, પૂ. અશોકભાઈ અને પૂ. ગૌતમભાઈના દિવ્ય સાંનિધ્યે સ્થાનિક ભક્તોએ ભેગા મળી અન્નકૂટ ઉત્સવનું આયોજન કર્યું. આ પ્રસંગે ગામના મોટી સંખ્યામાં ભક્તોએ સંમિલિત થઈ વિવિધ પ્રકારની ભક્તિ અદા કરી. પૂ. અશોકભાઈએ ભાવપૂર્વક થાળનાં ગાન કરી પ્રભુને અન્નકૂટ પ્રસાદ આરોગવા વિનંતી ધરી. ભક્તો પણ તેમાં ભાવથી જોડાયા. સૌનાં હૈયે ઉત્સવનો અલૌકિક આનંદ વ્યાપી ગયો.

નરસીદાદાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌની સેવાને બિરદાવી. પૂ. અશોકભાઈ, પૂ. ગૌતમભાઈ અને પૂ. ગોવિંદભાઈએ આશીર્વાદ પ્રદાન કરી માહાત્મ્યસભર ભક્તિ કરવાની સમજ આપી. અન્નકૂટ આરતી અર્પણ કરી સૌ ધન્ય થયાં. ◆





અંકલેશ્વર મંડળમાં સંતોના સાંનિધ્યે પ્રકાશપર્વોની ભક્તિભરી ઉજવણી



સાઠંબા મંદિરે ભાવિક ભક્તો દ્વારા શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્પણ

## ડેન્હામ, યુ.કે.

અનુપમ મિશન, યુ.કે.ના ડેન્હમ સ્થિત મંદિરમાં દીપાવલીના ઉત્સવો અત્યંત ભક્તિભાવ સાથે ધામધૂમથી ઉજવાયા. ૨૫ ઑક્ટોબરના રોજની દિવ્ય સંધ્યાએ મુખ્ય મંદિરમાં શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજનનાં સુંદર આયોજન થયાં. આચાર્યપદે પૂ. હિંમત સ્વામીજી, પૂ. ભરતભાઈ પંડ્યાએ બિરાજી શાસ્ત્રોક્તવિધિ કરાવી સૌને ભક્તિભાવમાં લયલીન કર્યાં. આ પૂજનવિધિમાં ૧૧૧ યુગલ યજમાનોએ બિરાજી શ્રી લક્ષ્મીજી તથા શ્રી વહીઓનાં પૂજનનો અલભ્ય લહાવો પ્રાપ્ત કર્યો.

આ પ્રસંગે વિનુભાઈ નકારજા, બારીન્દ્રભાઈ, સુરેન્દ્રભાઈ, યોગેન્દ્રભાઈ, સુરેશભાઈ, રોહિતભાઈ, દિલીપભાઈ, અશ્વિનભાઈ પોપટ, જતીનભાઈ પટેલ આદિ સહિત વૅમ્બલી, ઈસ્ટ લંડન અને લૅઈસ્ટરના અક્ષરમુક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. પૂજનવિધિ દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ લખી મોકલાવેલ વિશિષ્ટ સંકલ્પનું પઠન કરી તેના સાફલ્ય માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી. દિવ્યતાસભર વાતાવરણ સૌનાં અંતરને સહજ સ્પર્શી ગયું અને સંતભગવંત સાહેબજીની જાણે પ્રત્યક્ષ સંનિધિ છે જ એવી અનુભૂતિમાં ગુલતાન કરી રહ્યું. પૂજનવિધિ બાદ પૂ. ભરતભાઈ પંડ્યા અને પૂ. હિંમત સ્વામીજીએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં તેમજ પ્રભુ પ્રીત્યર્થે ગુરુમુખી જીવન જીવવા, સેવા-ભજનના સંગાથે જીવતર ધન્ય કરવા માર્ગદર્શન દીધાં.

૨૭ ઑક્ટોબરના રોજ શ્રી ઠાકોરજીને સેંકડો વ્યંજનોનો ભવ્ય અન્નકૂટ ધરાવી ભક્તોએ અદ્‌ભુત ભક્તિ અદા કરી. લંડન, લેઈસ્ટર, લ્યૂટન, ઈકનહામ, વૅમ્બલી આદિ મંડળોના હરિભક્તોએ જાતે બનાવેલ વિવિધ પ્રકારનાં વ્યંજનો પ્રભુને ભાવથી ધરાવ્યાં. સંતોનાં માર્ગદર્શને યુવાનો, યુવતીઓ, બાળમંડળ તેમજ સ્વયંસેવક ભક્તોએ શ્રી પ્રભુચરણે અન્નકૂટ પ્રસાદને ભક્તિભાવે કલાત્મક રીતે ગોઠવ્યો. સંતોએ ભાવથી થાળનાં ગાન કરી પ્રભુને અન્નકૂટ પ્રસાદ જમાડ્યો. લગભગ ૧૨૦૦થી વધુ અક્ષરમુક્તોએ અન્નકૂટનાં દર્શન કરી ધન્યતા અનુભવી.

પ્રકાશપર્વોમાં સેવાઓ કરી ભક્તિ અદા કરનાર સૌ સેવકોને સંતભગવંત સાહેબજીએ પ્રસન્નતાપૂર્વક બિરદાવ્યા. વળી, ૧૯ ઑક્ટોબરના રોજ અક્ષરમુક્ત બારીન્દ્રભાઈના ૭૫મા જન્મદિવસની સુહૃદભાવભરી ઉજવણી કરી સૌએ આનંદ કર્યો. આ પ્રસંગે પૂ. અધ્યાત્માનંદ સ્વામીજીની ઉપસ્થિતિ પ્રેરક રહી. સંતભગવંત સાહેબજી અને પૂ. અશ્વિનદાદાએ ફૉન દ્વારા આશીર્વાદ પાઠવી બારીન્દ્રભાઈની સમજણેયુક્ત ભક્તિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી. ◆

## ઍલનટાઉન, અમેરિકા

અનુપમ મિશનના અમેરિકાના ઍલનટાઉન સ્થિત શિખરસંપન્ન મંદિરે ૨૫ ઑક્ટોબરના રોજ સંતોના સાંનિધ્યે શ્રી ઠાકોરજી સમક્ષ દીપાવલી પર્વના આનંદ ઊજવવામાં આવ્યા. શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન દ્વારા યજમાનોએ વ્યાવહારિક શુદ્ધિ અર્થે પ્રાર્થનાઓ કરી. પૂ. જયેશભાઈ અને સૂરવૃંદે સુંદર શાસ્ત્રોક્તવિધિ કરાવી. પૂ. અરવિંદભાઈનાં માર્ગદર્શને સઘળી સેવાવ્યવસ્થાઓ સંપન્ન થઈ. પૂ. કૌશિકભાઈ પ્રધાન યજમાનપદે બિરાજ્યા અને અમેરિકાના સેંકડો અક્ષરમુક્તોએ યજમાનસ્વરૂપે બિરાજી પૂજનવિધિનો લાભ લીધો. સુંદર સુશોભન, દિવ્ય વાતાવરણ અને મંત્રોચ્ચારના દિવ્ય ધ્વનિ પ્રભુના પ્રગટપણાનો સહજ અનુભવ કરાવી રહ્યા હતા. પૂ. નરેન્દ્રભાઈ અને વિષ્ણુદાદાએ આશિષ પ્રદાન કરી સૌની સેવાને બિરદાવી.



અનુપમ મિશન, યુ.કે. મંદિરમાં શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન



ઍલનટાઉન, યુ.એસ.એ. મંદિરે સંતોના સાંનિધ્યે શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન

૨૭ ઑક્ટોબરના રોજ શ્રી ઠાકોરજી સમક્ષ નૂતન કલાત્મક ઢબે અન્નકૂટ પ્રસાદને સજાવવામાં આવ્યો. આ પ્રસંગે યુવાન દીકરા દીકરીઓએ મંદિર અને પરિસરને પણ સુંદર રીતે સજાવ્યું. ભક્તોએ સુનિતાબહેનનાં માર્ગદર્શન હેઠળ અન્નકૂટની અનેક વાનગીઓ ભક્તિભાવે તૈયાર કરી હતી. સંતો અને યુવાનોએ ભક્તોના ભાવને શ્રી ઠાકોરજી સમક્ષ વિશેષ ઢબે સજાવી અર્પણ કર્યા. સૂરવૃંદનાં યુવાનો-યુવતીઓએ તેમજ સંતોએ ભાવથી થાળનાં ગાન કરી પ્રભુને જમાડ્યા. પ્રકાશપર્વોનો આનંદ માણી શ્રી ઠાકોરજીને નૂતનવર્ષે આરતી અર્ઘ્ય અર્પણ કરાયો. ◆

## રિચમંડ, અમેરિકા

અમેરિકાના રિચમંડ કેન્દ્રના સ્થાનિક ભક્તોએ ભેગાં મળી ૨૫થી ૨૭ ઑક્ટોબર દરમિયાન પ્રકાશપર્વોની ભક્તિભાવભરી ઉજવણી કરી. ૨૫ ઑક્ટોબરના રોજ પચ્ચીસથી વધુ યુગલ યજમાનોએ શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી શારદાપૂજન વિધિમાં બિરાજમાન થઈ લાભ લીધો. ભક્તોએ અનુપમ મિશન દ્વારા પ્રકાશિત થયેલ પૂજાવિધિની વિડિયોના માધ્યમથી પૂજનવિધિના સુંદર અનુભવને માણ્યો. જિતુભાઈ, મીનેશભાઈ અને કાંતુદાદાએ આશિષ પાઠવી ભક્તોની સેવાને બિરદાવી. યુવાનોએ સઘળી વ્યવસ્થાઓ ગોઠવી ભક્તિ અદા કરી.

૨૬ ઑક્ટોબરના રોજ યુવાનો દ્વારા કીર્તન આરાધનાનું આયોજન કરાયું. ભાવવાહી સ્વરે ભજનોનાં ગાન કરી સૌને કીર્તનભક્તિમાં રસતરબોળ કર્યાં. સંતભગવંત સાહેબજીના માહાત્મ્યમાં ગુલતાન બની સૌએ બ્રહ્માનંદ કર્યો.

૨૭ ઑક્ટોબરના રોજ બાળમંડળ, યુવતીમંડળ, મહિલામંડળે ભેગાં મળી સેંકડો વાનગીઓ તૈયાર કરી શ્રી ઠાકોરજીને ધરાવી. યુવાનોએ તેની સુંદર સજ્જા કરી ભક્તિ અદા કરી. સૌએ સાથે મળી થાળનાં ગાન કર્યાં અને પ્રભુને પ્રસાદ જમવા નિમંત્ર્યા. આ પ્રસંગે લીંચબર્ગ અને ન્યૂપૉર્ટ મંડળના ભક્તો પણ વિશેષ પધાર્યા. ભક્તિસભર વાતાવરણની દિવ્યતા અકલ્પનીય હતી. વળી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનાં વિડિયો આશીર્દાન પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. ◆

## સિયેટલ, અમેરિકા

સિયેટલ અને વાનકુંવર મંડળના ભક્તોએ ભેગાં મળી ૨૬ ઑક્ટોબરના રોજ શ્રી ઠાકોરજીને સ્વહસ્તે બનાવેલ વ્યંજનો ધરી અન્નકૂટ ઉત્સવ ઊજવ્યો. આ પ્રસંગે ડૉ. વીરેન્દ્રભાઈ અને મંજુબહેને પધારી વિશેષ લાભ આપ્યો. મંડળના સૌ અક્ષરમુક્તોએ સંપ, સુહૃદભાવ, એકતાથી ખૂબ સેવાઓ અદા કરી. અન્નકૂટની વાનગીઓ તૈયાર કરી કલાત્મક ઢબે શ્રી ઠાકોરજીને ભાવવાહી થાળનાં ગાન સાથે જમાડ્યા. પ્રતિવર્ષની જેમ શ્રી ઠાકોરજીના મિષ્ટપ્રસાદના આસ્વાદ સાથે નૂતન વર્ષે સૌનું ઈષ્ટ થાય તેવી પ્રાર્થનાઓ કરી સૌ વિસર્જિત થયાં. ◆

## ઑકલૅન્ડ, ન્યૂઝિલૅન્ડ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પરદેશમાં પણ ભારતીય સંસ્કૃતિ ઉજાગર રાખવા કટિબદ્ધ ભક્તોએ ભેગા મળી ૨૭ ઑક્ટોબર, દીપાવલીના શુભ દિવસે શ્રી લક્ષ્મીપૂજન, શ્રી શારદાપૂજન અને અન્નકૂટ ઉત્સવ યોજી ભક્તિ અદા કરી. અમિતાબહેન અને જ્હોનુભાઈના નિવાસસ્થાને સૌ ભક્તોએ ભેગા મળી ઉત્સવ માટેનાં આયોજન સાકાર કર્યાં. પ્રભુ અને ગુરુને રાજી કરવાના અનન્યભાવ સાથે ૬૦થી વધુ પરિવારે અન્નકૂટ વ્યંજનો તૈયાર કરી, શ્રી ઠાકોરજી સમક્ષ ધરી ભક્તિ અદા કરી. થાળનાં ગાન દ્વારા પ્રભુને વ્યંજનો ભાવથી ધરાવ્યાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ ફૉન દ્વારા પ્રાપ્ત થયા. પરદેશમાં પ્રભુભક્તિના અલૌકિક આનંદને માણી સૌ ધન્ય થયાં. ◆



રિચમંડ, અમેરિકા ખાતે નૂતન મંદિરમાં અન્નકૂટ ઉત્સવ



સિયેટલ, અમેરિકામાં અન્નકૂટ ઉત્સવનાં દિવ્ય દર્શન



ઑકલૅન્ડ, ન્યૂઝિલૅન્ડ ખાતે અન્નકૂટ ઉત્સવે ભક્તિ અર્પણ